# 9 પૃથ્વીની આંતરિક રચના અને ભૂમિસ્વરૂપો

**અધ્યયન નિષ્પત્તિ :** **SS 7.1** પૃથ્વીના મુખ્ય આંતરિક સ્તરો, ખડકોના પ્રકારો અને વાતાવરણના સ્તરોને આકૃતિ દ્વારા ઓળખે છે.

**SS 7.4** વિવિધ પરિબળો/ઘટનાઓને કારણે રચાતા ભૂમિસ્વરૂપના નિર્માણનું વર્ણન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**
→ ખડકોની ઉત્પત્તિ અને ખનીજોની ઉત્પત્તિ.
→ પૃથ્વીના મુખ્ય સ્તરો.
→ ભૂમિસ્વરૂપોનું નિર્માણ કાર્ય.

**પ્રશ્ન - 1 નીચે આપેલા દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ☐ માં લખો.**

**1. નીચેનામાંથી કયું વિધાન જળકૃત ખડકોને લાગુ પડતું નથી ?** ☐
(A) ખડકો ઘસાઈ કે અથડાઈને નાના ટુકડામાં ફેરવાય છે.
(B) આ નિક્ષેપ પવન, હવા, પાણી વગેરે દ્વારા એક સ્થળેથી બીજા સ્થળે પહોંચે છે.
(C) આ નિક્ષેપિત ખડક દબાઈ અને નક્કર બની ખડકના સ્તર બનાવતું નથી.
(D) આ પ્રકારના ખડકોને પ્રસ્તર ખડકો કહેવામાં આવે છે.

**2. તાજમહેલ બનાવવા માટે કયા પ્રકારના ખડકો વપરાયા છે ?** ☐
(A) જળકૃત ખડકો (B) રૂપાંતરિત ખડકો
(C) અગ્નિકૃત ખડકો (D) એક પણ નહિ

**3. ભૂકંપની સંભાવનાઓનું અનુમાન સામાન્ય પદ્ધતિથી નીચેનામાંથી કઈ રીતે થઈ શકતું નથી ?** ☐
(A) પ્રાણીઓના વર્તનનો અભ્યાસ. (B) તળાવની માછલીઓનું તીવ્ર હલનચલન.
(C) સરીસૃપનું પૃથ્વી સપાટી પર આવવું. (D) મોરનું નૃત્ય કરવું.

**4. પૃથ્વી સપાટીનું ઉપલું સ્તર મુખ્યત્વે કયા ખનીજ તત્ત્વોનું બનેલું છે ?** ☐
(A) સિલિકા અને એલ્યુમિના (B) સિલિકા અને મૅગ્નેશિયમ
(C) મૅગ્નેશિયમ અને એલ્યુમિના (D) સિલિકા અને નિકલ

**5. નીચેનામાંથી કયું વાક્ય હિમનદીને લાગુ પડતું નથી ?** ☐
(A) હિમનદી હિમાચ્છાદિત પર્વતીય ક્ષેત્રોમાં જ જોવા મળે છે.
(B) હિમનદી દિવાલ જેવા સ્વરૂપ સ્ટેકનું નિર્માણ કરે છે.
(C) હિમનદી ઘસારણ દ્વારા U (યુ) આકારની ખીણનું નિર્માણ કરે છે.
(D) હિમનદી પીગળતાં પર્વતીય ક્ષેત્રોમાં આવેલી કોતરોમાં પાણી ભરાતાં સરોવરનું નિર્માણ થાય છે.

**પ્રશ્ન - 2 યોગ્ય શબ્દો વડે નીચેનાં વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો.**


1. અનાજ પીસવા માટે ........................................................ પથ્થરનો ઉપયોગ થાય છે.
2. ભૂકવચ નીચે જે સ્થાને કંપનની શરૂઆત થાય છે તેને ........................................................ કહે છે.
3. પૃથ્વીનું સૌથી આંતરિક સ્તર ........................................................ નામે ઓળખાય છે.
4. સમુદ્ર મોજાંના ઘસારણથી દિવાલ જેવા રચાતા સ્વરૂપને ........................................................ કહે છે.
5. પવનની ગતિ ઘટતાં માટીના કણ જમીન પર પથરાય તેને ........................................................ કહે છે.

**પ્રશ્ન - 3 બંધ બેસતાં જોડકાં રચો.**

| વિભાગ - (અ) | ઉત્તર | વિભાગ - (બ) |
|---|---|---|
| 1. ચીકણી માટી | 1. | A. અગ્નિકૃત ખડકો |
| 2. પવનનું કાર્ય | 2. | B. જળકૃત ખડકો |
| 3. જીવાશ્મિ | 3. | C. સ્લેટમાં રૂપાંતર |
| 4. ગ્રેનાઈટ | 4. | D. આરસપહાણ |
| | 5. | E. રેતીના ઢુવા |

**પ્રશ્ન - 4 નીચે આપેલાં ચિત્રો જોઈ નદીથી બનેલાં ભૂમિ સ્વરૂપોનાં નામ લખો અને તે ઘસારણ અથવા નિક્ષેપણ કે ઘસારણ અને નિક્ષેપણ બન્નેથી બનેલ છે તે જણાવો.**

| ચિત્ર | લાક્ષણિક નામ | ઘસારણ / ઘસારણ અને નિક્ષેપણ |
|---|---|---|
|  | ........................................ | ........................................................ |

| ચિત્ર | લાક્ષણિક નામ | ઘસારણ / ઘસારણ અને નિક્ષેપણ |
|---|---|---|
|  | ........................ | ........................ |
|  | ........................ | ........................ |

**પ્રશ્ન - 5 નીચે આપેલાં નદીનાં કાર્યો આડાંઅવળાં થઈ ગયાં છે તેને પ્રક્રિયા નિર્માણના ક્રમમાં ગોઠવો.**

**1.** કુદરતી તટ બંધની રચના. ☐


**2.** સર્પાકાર વહન માર્ગ પર નદીનું વહેવું. ☐

**3.** જળપ્રપાત કે જળધોધની રચના. ☐


**4.** મુખ ત્રિકોણ ડેલ્ટાનું નિર્માણ. ☐

**5.** પૂરના મેદાનનું નિર્માણ. ☐

**પ્રશ્ન - 6 નીચે આપેલી આકૃતિ ઓળખી તેનું યોગ્ય નામ નિર્દેશ કરો.**







**પ્રશ્ન - 7 નીચે આપેલા પારિભાષિક શબ્દોની સમજૂતી આપો.**

**1.** ભૂકવચ.

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

**2.** અગ્નિકૃત ખડકો.

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

**3.** ખડક ચક્ર.

..............................................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

4. જળ પ્રપાત (જળધોધ).

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

5. ઢુવા (બારખન).

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**પ્રશ્ન - 8 નીચેનાં વિધાનો માટે કારણો આપો.**

1. આપણે પૃથ્વીના કેન્દ્રમાં જઈ શકતા નથી.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

2. ચૂનાના પથ્થર આરસપહાણમાં ફેરવાઈ જાય છે.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

3. રણમાં ભૂ સ્તર પ્રકારના ખડકો જોવા મળે છે.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

4. સમુદ્રી ગુફાઓ સ્ટેકમાં ફેરવાય છે.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

5. પૂરના મેદાનો ખૂબ જ ફળદ્રુપ હોય છે.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**પ્રશ્ન - 9 માગ્યા મુજબ પ્રવૃત્તિ કરો.**

1. તમારા ઘરમાં ઉપયોગમાં લેવામાં આવતી વસ્તુઓ બનાવવામાં જે ખનીજનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેનાં ચિત્રો દોરી કે ચોંટાડીને ખનીજનાં નામ લખો.

2. પૃથ્વીની આંતરિક રચના અને કોઈ એક ભૂમિ સ્વરૂપની આકૃતિ દોરો.

**3.** કોઈપણ એક ભૂમિ સ્વરૂપની આકૃતિ દોરો.

**4.** પ્રોજેક્ટ

(1) તમારા જિલ્લામાં મળી આવતાં ખનીજો શોધી વર્ગખંડમાં બતાવી તેના ઉપયોગોની ચર્ચા કરો.

(2) તમારા જિલ્લામાં મળી આવતાં ખડકના ટુકડા એકત્ર કરી તેમની ઓળખ કરો અને તેમના ઉપયોગો વિશે નોંધ કરો.

## SCE મૂલ્યાંકન

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | SCE મૂલ્યાંકન | | | ગુણ |
|---|---|---|---|---|---|
| | | × | ? | ✓ | |
| SS 7.1 | પૃથ્વીના મુખ્ય આંતરિક સ્તરો, ખડકોના પ્રકારો અને વાતાવરણના સ્તરોને આકૃતિ દ્વારા ઓળખે છે | | | | |
| SS 7.4 | વિવિધ પરિબળો/ઘટનાઓને કારણે રચાતા ભૂમિસ્વરૂપના નિર્માણનું વર્ણન કરે છે. | | | | |

વાલીની સહી : ............................................ શિક્ષકની સહી : ............................................

તારીખ : ............................................